| | |
|---|---|
| રજુ તારીખ | ૨૧/૦૮/૨૦૨૪ |
| દાખલ તારીખ | ૨૧/૦૮/૨૦૨૪ |
| ફેંસલ તારીખ | ૧૪/૧૨/૨૦૨૪ |
| સમયગાળો | વર્ષ : માસ: દિન: |

**મહે. લેબર કોર્ટ અમદાવાદના એડી. ચીફ જયુડિશિયલ મેજીસ્ટ્રેટ તથા ન્યાયાધીશ (જુ.ડી.) સાહેબ સમક્ષ, જી.અમદાવાદ.**

ફોજદારી કેસ નં.૨૦૦૮/૨૦૨૪
(ફોજદારી ઈન્કવાયરીનં.૪૧૬/૨૦૨૪)
**આંક–**

**ફરિયાદી :– સરકારી શ્રમ અધિકારી,**
**સમાન વેતન અધિનિયમ હેઠળના**
**લેબર એન્ફોર્સમેન્ટ ઓફિસર**

**: વિરૂધ્ધ :**

**આરોપી:– (૧) મંગલમુર્તી કન્સ્ટ્રકશન, અમદાવાદ**
**(૨) શ્રી મહેશભાઈ રાઠોડ (ભાગીદારશ્રી)**
**(૩) શ્રી મનસુખભાઈ પટેલ (ભાગીદારશ્રી)**
કેર ઓફ–શાયપ્રમ હાઈટસ(શાયપ્રમ ઈન્ફ્રા.)
હે. શાયપ્રમ હાઈટસ (શાયપ્રમ ઈન્ફ્રા.), ઓગણજ સર્કલ,
એસ.પી.રીંગ રોડ, અમદાવાદ.

**ગુન્હો:– સમાન વેતન અધિનિયમ–૧૯૭૬ ની કલમ–૧૦(૧) મુજબ ફરીયાદ.**

## ચુકાદો

**(૧)** ફરિયાદની ટૂંકી હકીકત છે કે, આરોપીઓએ સમાન વેતન અધિનિયમ હેઠળના પત્રકો ન રાખી, નિયમોનો ભંગ કરી, સદર કાયદાની કલમ–૧૦(૧) મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે. હાલની ફરિયાદ રજુ થતા, બી.એન.એસ.એસની કલમ–૨૨૩ મુજબ આરોપીઓ વિરુધ્ધ સંજ્ઞાન લેવા પહેલા, આરોપીઓને સાંભળવો જરૂરી હોવાથી, પ્રાથમિક તબકકે ફરીયાદને ઈન્કવાયરી રજીસ્ટરે નોંધવામાં આવેલ. આરોપીઓને નોટીસ કરવામાં આવેલ, આરોપીઓને નોટીસની બજવણી થતા, આરોપીઓ વકીલ મારફત હાજર થયેલ અને તેઓની વિરુધ્ધ સંજ્ઞાન લેવા સામે વાંધો ન હોવાનુ જણાવી, આંક–૦૧ તળે તે મુજબનો શેરો કરેલ. જેથી આરોપીઓ વિરુધ્ધ આંક–૦૧ તળે હુકમ કરી, આરોપીઓ વિરુધ્ધ બી.એન.એસ.એસ.ની કલમ–૨૨૭ મુજબ સંજ્ઞાન લઈ, ઈન્કવાયરી ફેસલ કરી, હાલનો ફોજદારી કેસ દાખલ કરવામાં આવેલ.

**(૨)** આરોપી/આરોપીઓ/આરોપીઓ વતી અધિકૃત વ્યકિતએ (હવે પછી આરોપી તરીકે સંબોધવામાં આવશે) હાજર થતા, તેઓને નકલ આપી, તેઓને **બી.એન.એસ.એસ. એકટની કલમ–૨૭૪** મુજબ ગુન્હાની વિગતો જણાવી, ગુન્હો કબૂલ છે કે કેમ? તેવું પૂછતા, આરોપીએ, પોતે ગુન્હો કબૂલ હોવાનું જણાવેલ છે. તેઓએ **બી.એન.એસ.એસ. એકટની કલમ–૨૭૫** અન્વયે કબૂલાત પુરસીસ પણ રજુ કરેલ છે.

આરોપીએ ગુન્હો કબૂલ કરતાં, તેઓને સમજાવવામાં આવેલ કે તેઓ ગુન્હો કબૂલ કરવા બંધાયેલા નથી અને તેઓ ગુન્હો કબૂલ કરશે તો આવી કબૂલાત તેઓ વિરૂધ્ધ પૂરાવા તરીકે ઉપયોગ લેવાશે. આમ, છતાં આરોપીએ હાલની ફરિયાદ અન્વયેનો ગુન્હો કોઈપણ જાતની લાલચ કે દબાણ વિના કબૂલ કરતા હોવાનું જણાવેલ છે, જેથી તેઓની **બી.એન.એસ.એસ. એકટની કલમ–૨૭૫** મુજબ પ્લી નોંધતા, તેમાં પણ આરોપીએ ગુનો કબુલ કરેલ છે.

(૩) આરોપીએ જણાવેલ છે કે, આરોપીનો પ્રથમ ગુનો છે, ભવિષ્યમાં આવો કોઈ ગુન્હો કરશે નહિ તેની ખાતરી આપીએ છીએ અને સુધરવાની તક આપવા તથા સજા કર્યા વિના છોડી મૂકવા અથવા કાયદા મુજબ ઓછામાં ઓછી સજાથી પણ ઓછી સજા કરવા અરજ કરેલ છે.

(૪) તમામ રેકર્ડ ધ્યાને રાખેલ છે, ગુન્હાની હકીકત તથા સજાની જોગવાઈ ધ્યાને રાખેલ છે. આરોપી સામેનો હાલનો પ્રથમ ગુનો હોવાનુ આરોપીએ જણાવેલ છે. ફરીયાદમાં આરોપીએ અગાઉ કોઈ ગુનો કરેલાની હકીકત નથી. આરોપીએ સ્વેચ્છાએ ગુન્હો કબૂલ કરેલ છે. આરોપી સ્વેચ્છાએ ગુન્હો કબૂલ કરતા હોઈ તેથી તેઓને દોષિત ઠરાવવામાં આવે છે, આરોપીની ઉંમર, કેસની હકીકત, તેમજ સજાની જોગવાઈ, ગુન્હાનો પ્રકાર વિગેરે તમામ હકીકતો ધ્યાને રાખતા તેમજ, *નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરચંદ ઠાકોર, ૨૦૦૫ (૧) જી.એલ.આર.પાન ૭૦૯* ઉપરનાં ચૂકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંત ધ્યાને લેતા આરોપીને વ્યાજબી દંડ કરવામાં આવે અને તે રીતે ભવિષ્યમાં ગુન્હો ન થાય તે માટે એક તક આપવામાં આવે તો તે યોગ્ય અને ન્યાયી જણાય છે, જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–: હુકમ ::–**

(૧) તમામ આરોપીઓને **સમાન વેતન અધિનિયમ ૧૯૬૫ ની કલમ–૧૦(૧)** મુજબના ગુન્હા સંદર્ભે બી.એન.એસ.એસ. ની કલમ–૨૭૫ મુજબ દોષિત ઠરાવવામાં આવે છે અને સદરહુ ગુનો કરવા બદલ પ્રત્યેક આરોપીને **રૂ.૫૦૦૦/–× ૦૧ નિયમ × ૦૩ આરોપી કુલ્લે રૂ.૧૫,૦૦૦/– (અંકે રૂપિયા પંદર હજાર પુરા)** ના દંડની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) જો કોઈ આરોપી દંડની રકમ ભરવામાં કસૂર કરે, તો તેને એક માસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

(૩) આરોપીઓએ ભરેલ દંડની રકમ સરકારશ્રીમાં જમા કરવી.

હુકમ આજ તા.૧૪/૧૨/૨૦૨૪ ના રોજ અત્રેની કોર્ટના સ્પેશ્યલ સીટીંગ દરમ્યાન વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કરવામાં આવે છે.

તારીખ : ૧૪/૧૨/૨૦૨૪
સ્થળ : અમદાવાદ.

(એન.આર.વધવાણી)
ન્યાયાધીશ (જુનીયર ડિવીઝન)
લેબર કોર્ટનં.૭, અમદાવાદ. જજ કોડ જી.જે.૦૧૩૬૮